R.N.I.No. : 11555/1966 Price Rs. 1/-

# જ્યોતિ પુંજ

# JYOTI PUNJ

Vol No. 58 Issue No. 7 OCTOBER - 2014




ઉત્સવો એ યૌવન જેવા છે જે જીવનને હંમેશા થનગનતું અને મનગમતું રાખે છે. તેથી ઉત્સવો ઉજવવાની શક્તિને સાચે માર્ગે વાળી ઉત્સવો માણીએ તો જીવન જીવવાનો સાચો અને સારો રાહ મળે. નૂતનવર્ષમાં આપણે માત્ર આપણા જ સુખનો નહિ પરંતુ સહુના સુખનો વિચાર કરીએ. અન્યના દુઃખ દૂર કરવા અર્થે આપણા થોડાક સુખનું સમપર્ણ કરતાં કરતાં એ સમર્પણની સુવાસથી જીવન મહેકાવી દઈએ... આપના તેમજ આપના પરિવાર ઉપર માતા મહાલક્ષ્મી અને માતા સરસ્વતિની કૃપા સદાય વરસે. આપ સર્વેના જીવનની પ્રત્યેક ક્ષણમાં સુખ સમૃદ્ધી રહે જે સદા આપને આનંદ, નીરોગીજીવન, શાંતિ અર્પે. સારા સંસ્કારો અને સરસ્વતિનો ભંડાર બાળકોને આપીયે જેને કદી પણ કોઈ લુંટારો લૂંટી ના જાય તેમાં વધારોજ થાય.



સાથે મળીને ગતી કરીએ, સાથે વાણી વદીએ
સાથે મળીને મનથી સઘળું સાચું સમજી લઈએ
સાથે મળીને કરી પ્રાર્થના, હળીમળીને રહીએ
ચિત્ત અને મન આપણ સહુના સરખે સરખા કરીએ
લાગણી આપણી સમાન હો ને હૃદયે સમાન કરીએ
સમાન મનમાં બધાં એકતા સંપ કરીને રહીએ.



**2nd Cover Page**



# શ્રી બાલાસિનોર નવયુવક સંઘ
## સંચાલિત
# શ્રીમતી મીનાબેન સુધીરભાઈ ધારિયા (રંગુનવાલા)
## પુરસ્કૃત
## ''ઉપનગર વિભાગ'' બીજો પ્રોગ્રામ
# (ગુજરાતી નવું નાટક) યોજે છે

**તારીખ : ૭-૧૨-૨૦૧૪ને રવિવારે - સમય : સવારે ૧૦.૦૦ કલાકે**

**સ્થળ:** પ્રબોધન ઠાકરે, ચામુંડા સર્કલ, બોરીવલી (વેસ્ટ).

**ટિકીટનું વિતરણ:** વહેલો તે પહેલા ધોરણે બંધકવર માં મળશે.

**ટિકીટનો ચાર્જ :** રૂા. ૬૦ અને બાલ્કનીના રૂા. ૪૦ છે.

એક વ્યક્તિને ચાર ટીકીટ મળશે. તા. ૨૩-૧૧-૧૪ સવારે ૧૦ થી ૧૨

**સ્થળ:**

(૧) **શ્રી બાલાસિનોર નવયુવક સંઘ,** ૧૧૮/૧૨૦ અર્દેશર દાદી સ્ટ્રીટ, વી.પી.રોડ, મુંબઈ - ૪

**વાંદરા થી જોગેશ્વરી સુધી**

(૨) **શ્રી અજય પ્રવીણચંદ્ર દોશી :** બી/૧૨, નવ શિલ્પવાની લલ્લુભાઈ પાર્ક અંધેરી (વેસ્ટ)

મો. ૯૮૧૯૩૪૨૮૫૬

**ગોરેગાંવ થી કાંદિવલી**

(૩) **શ્રીમતી કોકીલાબેન હીરાલાલ પરીખ (ડાબલી)**

A/24, કૈલાસ નગર, શંકર ગલ્લી, કાંદીવલી (વેસ્ટ), નિમિશ ગાંધી - ૯૮૨૧૧૬૪૭૩૧.

**બોરીવલી થી વિરાર**

(૪) **શ્રી હેમેન્દ્ર રમણલાલ શાહ (ચકવા)**

સી/૩૦૨, સુમેર નગર, એસ.વી.રોડ, બોરીવલી (વેસ્ટ). મો. ૯૮૨૦૦૧૧૫૮૬

વિતરણના દિવસે ટિકીટ વધશે તો બીજે દિવસે મળશે. સ્થળ: શાહ એન્જી કાું., ૬૪, નાગદેવી સ્ટ્રીટ, ૨૦૪, લેવાટા, બીજે માળે, મુંબઈ - ૩, ટેલીફોન: ૨૩૪૪૭૩૮૨

આ કાર્યક્રમ માણનારનો આનંદ જળવાઈ રહે માટે સૌ આમંત્રિત અને પ્રેક્ષકોને સમયસર હાજર રહેવા નમ્ર વિનંતી.

**મંત્રી : શ્રી ભાવેશ બાબુલાલ મોદી** **સંયોજક : શ્રી હેમેન્દ્ર રમણલાલ શાહ**

# જ્યોતિ પુંજ


| વર્ષ | અંક | તારીખ |
|---|---|---|
| ૫૮ | ૭ | ૨૧-૧૦-૨૦૧૪ |

છુટક કીંમત : **રૂા.૧/-** વાર્ષિક લવાજમ : **રૂા.૧૦/-**

નિખિલ પરીખ (તંત્રી)

બંકિમ પરીખ / જતીન ન. દેસાઈ

જીગર કડકીઆ

પત્રવ્યવહારનું સરનામું

**નિખિલ પરીખ (ફોન : ૨૩૮૨ ૨૫ ૧૦)**

વીલગ્રીન કોમર્શીયલ કોરપોરેશન

૬, ખોખા બજાર, મુંબઈ-૪૦૦ ૦૦૩.

ફોન : ૯૮૨૧૩૨૬૪૩૨

❖❖❖

મંત્રી : ભાવેશ બીપીન મોદી (ઠાસરાવાલા)

**એ. કે. એન્ટરપ્રાઈઝ**

૫૪-બી, ગૌરક્ષક ચાલ, ૧ લે માળે, રૂમ નંબર -૧૩,

ફણસવાડી, મુંબઈ-૪૦૦ ૦૦૨

ટે.(ઓ.) : ૨૨૦૬૦૦૦૯ (મો.) : ૯૮૬૯૦૮૦૨૮૭

❖❖❖

**: કાર્યાલય :**

૧૧૮/૧૨૦, અરદેશર દાદી સ્ટ્રીટ, વી.પી. રોડ,

મુંબઈ - ૪૦૦ ૦૦૪. ટે.નં. : ૨૩૮૮ ૭૦૦૬

❖❖❖

**: સમય :**

સોમવાર થી શનિવાર ૨ થી ૭ (સાંજે)

રવિવાર ૯.૩૦ થી ૧૧.૩૦ (સવારે)

દર બુધવારે સંસ્થાની ઓફિસ બંધ રહેશે.

visit us at www.balasinor.org


**તંત્રી મંડળ તરફથી**

## દિલમાં દીવો ક્યારે કરીશું ?

**- બંકિમ રજનીકાન્ત પરીખ (જુનાગઢવાળા)**

આત્મીય બાલાસિનોરવાસીને દિવાળીની હાર્દિક શુભેચ્છા અને નૂતનવર્ષાભિનંદન. આવનારું નવું વર્ષ આપને સર્વ રીતે સુખદાયી, ફળદાયી, યશસ્વી નીવડે તેમજ પરમકૃપાળુ પરમાત્મા તમારા સંકલ્પ સાકાર કરે તેવી મંગલકામના. આપણો સમાજ સર્વ રીતે ઉન્નત બને. સર્વમાં પરસ્પર પ્રેમ, સ્નેહ, વિશ્વાસ, ઉત્સાહ અને કાર્યકુશળતા વધે તેવી પ્રાર્થના.

વાણિયાની દિવાળી એટલે આસોને અજવાળતી દિવાળી. બ્રાહ્મણો માટે દિવાળી જેવો મોટો પર્વ એટલે બળેવ, રક્ષાબંધન. ક્ષત્રિયોનો મોટો તહેવાર એટલે દશેરા અને ક્ષુદ્રોનો હોળી ઉત્સવ. આસો મહિનાના મુખ્ય તહેવારો એટલે નવરાત્રી, દશેરા, દિવાળી વગેરે. શક્તિની જાગૃતિ, દૈવી શક્તિની ઉપાસનાના દિવસો સમગ્ર સૃષ્ટિ શક્તિની ઉપસ્થિતિમાં કાર્યાન્વિત રહે છે. આપણું શરીર એક ચૈતન્ય શક્તિના પ્રતાપે ચાલે છે તેના વડે જ દરેક કાર્ય સિદ્ધ થાય છે.

અંધકારને દૂર કરવા આપણે દિવા પ્રગટાવીએ છીએ. દિવાળી એટલે પ્રકાશનું પર્વ. અંધકાર અને અજ્ઞાન દૂર થતાં જ જ્ઞાન અને પ્રકાશની પ્રાપ્તિ થાય છે. જીવનને શક્તિથી સભર કરવા તેમજ પ્રકાશપુંજથી સમૃદ્ધ કરવાજ આપણા સંતો, મહાત્માઓ, ઋષિમુનિઓ સર્વ રીતે સિદ્ધિ પ્રાપ્ત છે. સંત મહાત્માનું દર્શન, તેમના જીવન, કાર્યો, આદર્શો, મૂલ્યો, તેમણે વહાવેલી જ્ઞાનની ગંગા સામાન્ય મનુષ્યનું જીવન

ઉન્નત કરે છે. પ્રેરણા આપે છે. હામ ભીડવાનું નવું બળ આપે છે.

તેલુગુ ભાષાના મોટા કવિ સંત વેમન કહે છે, માતા એ ઈશ્વરનું સ્વરૂપ છે. શિવ અને અલ્લા એક છે. ઈશ્વર એક છે એટલે ધર્મપણ એક છે. શરીરો જુદાં છે પણ શરીરને સક્રિય કરનાર ચૈતન્ય એક છે. ખોરાક ભિન્ન છે પણ ભૂખ એક છે. ગાયો જુદા જુદા રંગની છે પણ એમનું દૂધ ધોળું છે. ઘરેણાં જુદા જુદા ઘાટનાં છે પણ સોનું એક જ છે. ભાષાઓ ભિન્ન છે પણ વિચાર એક છે. ફૂલ્લો ભિન્ન છે પણ પૂજા એક છે. પંડિતો ભિન્ન છે પણ દિવ્યત્વ એક જ છે.

દીવો કરશો તો જ અંધકાર દૂર થશે. સંત વેમનની વાણી ચાબખો પડે ને સોળ ઊઠે તેવી છે. કારણકે એ વેદનાની વાણી છે. દૂધે ધોવાથી શું કોલસો ધોળો થવાનો છે ? ગધેડો ફૂલનો ભારો વહે એટલે શું એ પૂજનીય થઈ ગયો ? આકાશમાં પાયો નાખીને તમે ઘર બાંધી શકશો ? ભેંશ ગમે એવડી મોટી હોય પણ એ હાથી જેવડી તો નહિ જ ને ? કડછી મિઠાઈના સ્વાદમાં શું સમજે ? માથું મૂંડાવ્યું એટલે શું દુર્વિચારો મુંડાઈ ગયા ? ટોપલી ભરેલા કાચના કકડા કરતાં એક હીરો વધારે કિંમતી નથી શું ?

આપણા અન્ય સંત, કવિ, વિચારક એટલે તમિલભાષી તિરુવલ્લુવર. વિશ્વના ઉત્તમ ગ્રંથો માં જેની ગણના થાય છે તે તમિલ ભાષી 'તિરુક કુરલ' ગ્રંથમાં જીવન પ્રેરક બાબતો ખૂબ સુંદર રીતે તેમણે વર્ણવી છે. થોડી રત્નકણિકાઓ આ પ્રમાણે છે. પતિપત્નીને પરસ્પર વિશ્વાસ હોય તો ગૃહસ્થાશ્રમ જેવું સુખ બીજે કયાંય નથી. ગૃહસ્થ અને સંન્યાસી બાબતમાં તેઓ કહે છે, ગૃહસ્થ ઉપર તો સંન્યાસીનો આધાર છે. ગૃહસ્થ પોતાનો ધર્મ સમજે છે. તેથી તો બીજા આશ્રમવાળાઓ પોતાના ધર્મનું પાલન કરી શકે છે. આવા સ્વધર્મનિષ્ઠ ગૃહસ્થે સંન્યાસી બનીને કે વનવાસી બનીને કંઈજ મેળવવાનું રહેતું નથી. એનું આસન સ્વર્ગના દેવો જોડે બિછાવાઈ ચૂક્યું છે. દુનિયામાં કોઈને અન્યાય ન કરે એનું નામ વાણીની સચ્ચાઈ. સત્યની પાછળ પાછળ બીજા સદ્‌ગુણો આવે જ છે. જળ થી બહારની શુદ્ધિ થાય છે. તેમ સત્ય થી અંતરની શુદ્ધિ થાય છે. સંતો સત્યના પ્રકાશમાં ચાલે છે. તેમને માર્ગમાં બીજા કોઈ દીવાની જરૂર રહેતી નથી. આતિથ્ય એ જ નો ગૃહસ્થ જીવનનું રહસ્ય છે. અતિથિ તો જે સ્નેહ થી સત્કાર કરે છે, એના ઘરમાં લક્ષ્મી પ્રસન્ન થઈ ને રહે છે. અતિથિને જમાડયા પછી જે જમે છે તેને ખેતરમાં બાજરો વાવવો પડતો નથી. એનું આતિથ્ય પોતે બાજરો થઈને ઊગે છે. અતિથિતો કૂમળા ફૂલ થી યે વધુ કોમળ છે. એ દૂરથી અસત્કારનો ઓછાયો પડતાં ચિમળાઈ જાય છે માટે સાવધાન ! બહારના દેખાવ પરથી માણસનો તોલ બાંધતા નહિ. કેટલાક માણસો દેખાવે સામાન્ય લાગે છે, પણ લીધુ કામ પાર પાડે તેવા દૃઢ મનોબળવાળા હોય છે. રથના પૈડાની નાનકડી ધરી જેવા. તમે એવા ધરી જેવા બનો. કર્તવ્યધર્મીએ તો પોતાના શરીરને બીજાઓના ભલા માટે દુઃખ અને યાતનાઓનો ભંડાર માનવું પડશે. પર કાજે બલિદાનની ભાવનાવાળા જ સમાજને ટકાવી રાખે છે. જે સમાજમાં આવા માણસો નથી તે સમાજ મૂળમાંથી ઊખડી પડે છે. યુવાનો, એવી રીતે જીવો કે લોકો તમારા પિતાને પૂછે કે કયાં પુણ્યે તમને આવો દીકરો મળ્યો !

જેમ જેમ મનુષ્ય સદ્‌વિચાર સત્કર્મ, સદ્‌ગુરુ સેવા, સત્સંગ કરતો જાય તેમ તેમ દૃઢતા બનતાં શક્તિ અને પ્રકાશપુંજ ફેલાતા સત્ ચિત્ અને આનંદનો આવિષ્કાર કરવા સક્ષમ બનતો જાય છે.

❖❖❖❖❖

# શ્રી બાલાસિનોર નવયુવક સંઘ

સંચાલિત

## શ્રી રજનીકાન્ત કાન્તીલાલ કડકીઆ (ધરીવાળા)

પુરસ્કૃત

## ૬૩મો વાર્ષિક રસોત્સવ

**-: મુખ્ય મહેમાન :-**

## શ્રી દીનેશચંદ્ર ચીમનલાલ પરીખ (રાઠોડીયા)

આપણા ગુજરાતીપણાનો ગુલાબી જલસો કરાવીને રોમે રોમ પુલકિત કરાવતો સ્વરીલો કાર્યક્રમ એટલે
''મીત મંથન પ્રોડકશન' કમલ જાની પ્રસ્તુત

**''મોર બની થનગાટ કરે''**

**સ્થળ :** બીરલા માતૃશ્રી સભાગૃહ મરીન લાઈન્સ, મુંબઈ - ૪૦૦ ૦૨૦

**તારીખ : ૨-૧૧-૨૦૧૪ - સમય સવારે ૯.૦૦ કલાકે**

નોંધ : ટીકીટનું વિતર જણાવેલ તારીખ ૧૯-૧૦-૨૦૧૪ના રોજ વિવિધ સેંટરો પર રાખવામાં આવેલ છે. જેની નોંધ ગત અંકમાં પ્રસિધ્ધ કરાઈ છે. ટીકીટ વધશે તો તેનુ વિતરણ સંયોજક શ્રી સમીર ગાંધીની ઓફીસ ખાતે થશે.

**મંત્રી - શ્રી ભાવેશ મોદી** **સંયોજક - શ્રી સમીર ગાંધી (૦૯૮૨૧૨૩૪૩૦૬)**

# શ્રી બાલાસિનોર સંઘ સંચાલિત
# શ્રી રજનીકાંત કાંતીલાલ કડકીયા
## પુરસ્કૃત
# ૬૩ મો વાર્ષિક રસોત્સવ

આપણા સીલવર જ્યુબલી તંત્રીશ્રી નિખિલભાઈ બાબુલાલ પરીખનું સન્માન આ પ્રસંગે કરવામાં આવશે. તેમની ૨૫ વર્ષની સતત કારકીર્દી માટે સંસ્થા વતી તેમને અભિવાદન. **મંત્રી - શ્રી ભાવેશ મોદી**



**શ્રી નિખિલ પરીખ**

**સાહિત્ય, સંવેદન, સત્યનો, તું, તેજ પુંજ અખિલ**
**કલમ કરી મશાલ, ઝળકે 'જ્યોતિપુંજ' નિખિલ !'**

જ્યોતિપુંજના તંત્રી તરીકે ૨૫ વર્ષથી નિખિલ પરીખની ત્રણ લાક્ષણિકતાઓ, વાચકો સમક્ષ આવી.

- **તેમનો સાહિત્ય પ્રેમ,**
- **તેમની સંવેદનાઓ અને**
- **લેખનાં દરેક વિષય અને હેતુ પાછળની સચ્ચાઈ.**

આ ત્રણના સમન્વયે રચાયો એક સર્વપ્રકાશનમાન, તેજનો સ્તોત્ર.

એમની કલમ જાણે મશાલ બની પ્રકાશ પણ પાથરી રહી અને વૈચારિક ક્રાંતિ પણ જગાવી ગઈ. નિખિલનો એક અર્થ છે પુર્ણતા / પરફેક્શન. એમ કહી શકાય કે નિખિલે જ્યોતિપુંજને પુર્ણતા/પરફેક્શન આપી તેજસ્વી બનાવ્યું. એમ પણ કહી શકાય કે નિખિલ પોતેજ જ્યોતિપુંજ એટલેકે પ્રકાશનો સ્તોત્ર બની ઝળહળી રહ્યો.

૫ ઓગસ્ટ ૧૯૫૭નાં રોજ જ્યોતિપુંજ માસિક તરીકે પ્રથમવાર પ્રગટ થયું ત્યારે, પ્રથમ તંત્રી 'વાડસોલ કર્મવીર' શ્રી પ્રવીણ સાંકરલાલ દેસાઈએ તંત્રી સ્થાનેથી 'અમારૂં નવ પ્રસ્થાન' શિર્ષક હેઠળ શ્રી ગણેશ કરતાં લખ્યું હતું કે,

'નવ પ્રસ્થાન માટે કેડી શોધવાની જરૂર નથી હોતી, જરૂર હોય છે એ માર્ગનાં પ્રવાસીઓની'.

૫૭ વર્ષ પહેલાં આદરાયેલી સફરમાં કાર્યકર્તાઓ જેવાં પ્રવાસીઓ અને પ્રવાસીઓનાં રાહબર એવાં દસ તંત્રીઓ જ્યોતિપુંજને મળ્યા.

સાહિત્ય, સંસ્થા સમાચાર, લોકોપયોગી માહિતી અને મુખ્યત્વે તો સમાજને એકસુત્રે જોડતી મજબુત કડીરૂપે આપણું મુખપત્ર જ્યોતિપુંજ, નવ પ્રસ્થાનની કેડી કંડારીને પુખ્ત બન્યું. આ સફરમાં, જ્યોતિપુંજનાં સંવર્ધનમાં દરેક તંત્રીનો ફાળો રહ્યો. પણ પચ્ચીસ પચ્ચીસ વર્ષ તંત્રીપદની ધુરા સંભાળનાર 'વાડસોલ ગૌરવ' શ્રી નિખિલ બાબુલાલ પરીખ (લાય)નું પ્રદાન વિશિષ્ટ રહ્યું. જ્યોતિપુંજ સાથે લાંબા સમયનાં સહવાસથી નિખિલ અને જ્યોતિપુંજ, જાણે એકમેકનાં પર્યાય બની ગયા છે.

૨૫ વર્ષથી જ્યોતિપુંજનાં તંત્રી નિખિલ પરીખ

માટે લોક ગાયક હોત તો ગાઈ નાંખત, નિખિલ તારાં વિચારો વખાણું કે પછી તારી કલમ વખાણું ? ૨૫ વર્ષ જ્યોતિપુંજના તંત્રીપદેથી, નિયમિત લખાતાં, તંત્રીલેખો, આપણાં મુખપત્રની ઓળખ બની ગયા છે. લેખક નિખિલ પરીખની કલમ છેલ્લા ૨૫ વર્ષથી આપણા દિલ દિમાગને ઢંઢોળી રહી છે. શબ્દોનો કોઈ આડંબર નહીં. સીધા દિલમાંથી નિકળતા સ્પષ્ટ વિચારો, પોતાનું મન વલોવીને વિચારો, એમને માખણની જેમ ઉભરાઈ આવે. પણ એજ વિચારો, જયારે છપાઈને વાડસોલવાસીઓ સુધી પહોંચે એટલે દરેક જ્યોતિપુંજ પ્રેમીઓનાં મનમાં મનોમંથન શરૂ થઈ જાય. દરેક દિમાગમાં મિક્ષર ચાલુ થઈ જાય. ઘણીવાર તો એમ લાગે કે મિકેનિકલ એન્જીનિયર નિખીલ કોઈ સિક્રેટ એન્જીનિયરીંગ ટ્રીકથી લોકોનાં દિમાગમાં આ મિક્ષરો ચલાવે છે કે શું ?

પણ ના અહિં એની પાસે તો છે કેવળ વિચારોની શુદ્ધતા, વિચારોની ચોક્કસ દિશા, સંવેદનશીલ હૃદય અને કશુંક કરી છુટવાની ભાવના. બસ આવી મજબુત મશીનરી અને લોકો સમજી શકે એવી ભાષાશૈલિની તાકાત. જેનાં થકી એમણે વાંચકોને વિચારતાં પણ કરી દીધાં અને વશીભૂત પણ કરી લીધા.

આજ સુધી નિખિલભાઈનાં લખાણો વિશે ઘસાતું બોલવાનો કોઈને મોકો જ નથી મળ્યો, મિત્ર તરીકે એમના લેખમાં ભુલો શોધવાનો મેં પ્રયત્ન કર્યો છે પણ લગભગ એમને સલામ કરીને ઊભો થયો છું. એમના વિચારોની રેન્જ પણ વિશાળ, 'પાપા કહેતે હૈ' જેવા લેખથી શરૂઆત કરી અને કુટુંબ શરૂ કરવાની એમની અંગત વિચારધારા અને પ્રયોગો વાંચકો સાથે શેર કર્યાં. અને પહેલા લેખથી જ જબરદસ્ત સફળતા મળી. સફળતા કોક વાર નફકરાં બનાવે પણ આ તો જુદી માટીનો માણસ, એ તો, દરેક લેખનાં વાંચકોનાં પ્રતિભાવ અમલમાં મુકે અને આવનાર લેખની ક્વોલિટીમાં પણ સુધારો દેખાય.

છેલ્લા ૨૦ વર્ષમાં મારી મહિનાની આખરની ઘણી સવારો એમનાં ટેલિફોન થી શરૂ થઈ છે. એ એમનાં લેખનો ખાસ પ્રિમિયર શો શરૂ કરે. મને એમનાં લેખમાં કોસ્મેટીક, નામ પરતાં જ સુચનો કરવાં સિવાય કોઈ ખાસ સુધારા કરવાનો મોકો ના મળે. અગાઉ જણાવ્યું એમ નિખિલનો અર્થ જ છે પુર્ણતા / પરફેક્શન અને એટલે જ, પરફેક્શન ને તો પરફેક્ટ ક્યાંથી કરાય ? જો કે નાનાં માં નાનાં સુચનો પણ, તેઓ ખેલદિલી થી સ્વિકારતાં. પણ દર વખતે મેં એમના લેખોની ક્વોલિટિ નો ગ્રાફ ઉપર તરફ આગળ ને આગળ વધતો જ જોયો છે. તમે બધાંજ જ્યોતિપુંજપ્રેમીઓ પણ એનાં સાક્ષી છો.

એમની સંવેદનશીલતા પણ ગજબની! એકાદ નાની શી ઘટના પણ એમને હચમચાવી નાખે. પછી શરૂ થાય એમનો અજંપો અને વિચારોની હારમાળા. વિચારો, શબ્દો નો આકાર લે અને શબ્દો, સંવેદનાને આબેહુબ વાચા આપે ત્યાં સુધી મથામણ અને ચર્ચાઓ સાથે નિખિલ સંઘર્ષ પુર્વક ઝઝુમે. ઘરમાં, રોજની ટ્રેનની મુસાફરીમાં, ખાસ ઓફિસમાં રાતવાસો કરીને સવારે પાંચ વાગે કે તેથીય વહેલા ઉઠીને, વિચારો, કાગળ અને પેનનો સહયોગ સર્જાય. અને જનમ લે, સાહિત્ય, સંવેદનશીલતા અને સચ્ચાઈનાં ત્રિવેણી સંગમ રૂપ, તંત્રી લેખ. એમનાં સર્જનની આ પ્રક્રિયા, સર્જનની પ્રસવ પીડા, સર્જનનો જન્મ અને નવસર્જનનો હરખ, આ દરેક તબક્કાનાં સાક્ષી અને ભાગીદાર બનવાનું મને અનેક વાર સૌભાગ્ય મળ્યું છે. હળવાં, ગંભીર, સામાજીક, શૈક્ષણિક, સુધારાવાદી, સંબંધોને લગતાં કે સમાજને ચેતવતાં લગભગ દરેક વિષયને એમણે તંત્રીલેખોમાં સમાવ્યાં છે અને સચ્ચાઈપૂર્વક રજુ કર્યા છે. જન્મ થી મરણ વચ્ચેની દરેક સંભવિત અવસ્થા એ એમના લેખોમાં આપણી સમક્ષ આલેખી ચુક્યા છે. એમનાં અંગત મત જેટલીજ સહજતાથી એમણે અન્યનાં મત ને પણ પ્રાધાન્ય આપ્યું છે. આપણાં લેખકો અને કવિઓને પ્રોત્સાહિત કર્યા છે. સમાજ સુધાર અને સંસ્થાકીય મુદ્દા પર પણ પોતાનાં વિચારો દ્રઢ પણે, નીડરતાથી મુકયા છે. આ વિચારો પ્રેમથી આવકારાયાં પણ છે.

મશીનનો માણસ આટલો માનવીય પણ હોઈ શકે એનું ખરેખર આશ્ચર્ય થાય છે ! હા, આ માનવીયતા એને

કદાચ ગળથુથિમાંથી મળી હશે. કારણકે, ભગવદ ગીતામાં વર્ણવેલી સ્થિતપ્રજ્ઞ વ્યક્તિને મેં જીવતી જાગતી જોઈ છે. શ્રી બાબુલાલ ચુનીલાલ પરીખ માં, જે નિખિલ નાં પિતા છે. એકંદરે ઘરનું વાતાવરણ પણ સર્જનાત્મક પ્રવૃતિને અનુકુળ રહયું છે. માતા પ્રવિણાબહેનનો વાંચન પ્રેમ અને વિચાર શક્તિ વારસામાં મળ્યાં છે. જીવન સગિની સંગીતા એક જીવંત અને ધબકતું વ્યક્તિત્વ છે, જે તેમનાં દરેક શોખ અને આવડતોને અવનવાં ઓપ આપવામાં મિત્ર જેવો સાથ આપે છે. અહીં એક આડવાત કરતાં, જાતને રોકી નથી શકતો. તેમણે જ્યોતિપુંજનનું તંત્રીપદ સંભાળ્યું, બરાબર તે જ અરસામાં એમનાં મોટા પુત્ર રોનેલ (હવે ડૉ. રોનેલ)નો જન્મ થયો. એમનું સંતાન રોનેલ અને માનસ સંતાન જ્યોતિપુંજ બન્નેનો ઉછેર એક સરખો રહ્યો છે અને બન્નેની પ્રગતિ પણ એક જેવી જ સફળ રહી છે. નાનાં પુત્ર એન્જીનીયર નીલમાં પણ દાદાનાં સંસ્કારનો વારસો જીવંત છે, એટલે કે ઘરનાં સૌથી વડીલ સદસ્ય તેમનાં પપ્પા અને તેમનાં નાના દીકરાં જેવાં બે પ્રેમાળ અને નિખાલસ વ્યક્તિત્વોની વચ્ચે નિખિલભાઈની નિખાલસતા અને સૌમ્યતા અકબંધ રહ્યા છે. દોસ્ત જેવાં ભાઈ નિમિષે, ધંધાકીય જવાબદારી પોતાનાં પર લઈ નિખિલભાઈને લેખનકાર્ય માટે અવકાશ આપ્યો છે. સંબંધો બાંધવા અને જાળવવા એ નિખિલભાઈની ખાસયિત છે. અને એમાંથી આકાર લેતી સંવેદનાએ છે એમનું પ્રેરક બળ. નિખિલ એટલે યારો નો યાર.

જ્યોતિપુંજના પાનાઓ પર ૨૫ વર્ષમાં છપાયેલ લગભગ ૨૦૦ લેખોનો ઉલ્લેખ અહીં ચાર-પાંચ કોલમ નાં લેખમાં શક્ય નથી. પણ ૨૦૦૬માં લખાયેલ નિખિલનાં લેખ 'મુગ્ધતાથી કપટ સુધી'ની ઉઘડતી લાઈનો, એમનાં વિચારોનું ઉંડાણ અને દિલથી શુદ્ધતા વિશે થોડામાં ઘણું બધું કહી જાય છે. એ લખે છે.

''માનવીનો માનવી પ્રત્યેનો વિશ્વાસ દિવસે દિવસે ઘટતો જાય છે, પરંતુ ઈશ્વરને હજી માનવજાત પ્રત્યે વિશ્વાસ છે અને એનો પુરાવો છે બાળકનો જન્મ. હજી ઈશ્વર પોતાના અંશરૂપી બાળકોને પૃથ્વી ઉપર જન્મ આપી માનવજાતમાં પોતાના અતુટ વિશ્વાસની સાક્ષી પુરાવે છે.''

- છે ને અદ્‌ભુત વિચારો !

નિખિલભાઈ ઘણીવાર કહે છે જ્યોતિપુંજ મારાં બાળક જેવું છે, અને એટલે જ જ્યોતિપુંજનાં ઉજ્જવળ ભાવિમાં એમને અતુટ વિશ્વાસ છે. જ્યોતિપુંજને જેટલી નિખિલભાઈએ ગરિમા બક્ષી છે, તેનાંથી કદાચ અનેકગણું તેણે જ્યોતિપુંજ થકી મેળવ્યું છે. નામના તો એમને મળી જ છે, પણ સાથે સાથે લોક ચાહના અને વાડસોલવાસીઓનો અઢળક પ્રેમ પણ તેમણે અંકિત કર્યો છે અને તેથી જ હું માનું છું કે સિલ્વર જ્યુબિલી તંત્રી શ્રી નિખિલ બાબુલાલ પરીખ એટલે પાછલાં પચ્ચીસ વર્ષોથી અને આવનાર અનેક વર્ષો સુધી વાડસોલનું ગૌરવ.

**– ચેતન કાંતિલાલ મોદી (બંગડી)**
**(૧૪ વર્ષ તંત્રી મંડળનો સહપ્રવાસી)**




## સાવધાન

### ડેન્ગ્યુ, મેલેરીયા, કન્જકટીવાઈટીસ જેવા રોગથી

વાતાવરણમાં જે પ્રમાણે અત્યારે અતિ ગરમી સાથે વચ્ચે વચ્ચે વરસાદ આવે છે એને લીધે ઘણો ઉપદ્રવ ઠેર ઠેર વધી ગયો છે. આમાં બાળકોથી લઈ વૃધ્ધો ગંભીર બિમારી ડેન્ગ્યુ, મેલેરીયા, કન્જકટીવાઈટીસ વગેરેના શિકાર બન્યા છે. દૂષિત પાણી, વાસી-ઉઘાડા ખોરાક ખાવાનું ટાળવું. મચ્છરોનો ઉપદ્રવ ન રહે તેની કાળજી રાખવી. તાવ આવવાની, આંખોમાં તકલીફ થવાની શરૂઆતથી જ ડૉકટરનો સંપર્ક કરી રોગ પર કાબુ મેળવી લેવો. બલ્કે રોગ થાય નહીં તે માટે સતર્ક રહેવું.

## કુળદેવી માઁ
## શ્રી સર્વમંગલા માતા

સમસ્ત સૃષ્ટિની સર્જનહારી,
વર્ચસ્વ બધે છે તારું, ઓ પાલનકારી,
મંગલ કાર્યમાં સદા તું મંગળકારી,
ગજાવવી છે તારી ધૂન, ઓ પાવનકારી,
લાલન, પાલન, રક્ષણ, 'પ્રકાશ'ની તું જ કરનારી.

## છડી


સોને કી છડી, રૂપે કે મશાલ,
જરીયનકી સાડી, ઓ મંગલા માડી ...
ઔદુમ્બરની ઈષ્ટદેવી, નીમા વણીકની કુલદેવી,
સર્વ જનોની શુભદેવી, શામળાની સિધ્ધ દેવી.
સર્વનું મંગળ કરનારી, વંશની વૃદ્ધિ કરનારી,
પૂત્રેષ્ઠી યજ્ઞમાં પૂજાનારી, અંધકારમાં પ્રકાશ દેનારી
રાજરાજેશ્વરી, વિશ્વવંદનીય, હર્ષલ પર્વત ઉપર બિરાજનારી
જગત જનની, મંગલકારી... માઁ સર્વમંગલાની ઘણી
ખમ્મા... ખમ્મા હો ખમ્મા ।।


## સ્તુતી સ્તવન

મંગલદાયિની, કુલતારીણી, જય જય સર્વમંગલા માતા।
અજ્ઞાન તમસ દુર કરી, જ્ઞાન પ્રકાશને પસરાવો માતા
સૌ ભક્તજનોને કલ્યાણકારી, ભવસાગર પાર કરાવો માતા।
વંદન કરીએ તમને જય જય કુળદેવી સર્વમંગલા માતા ।।
વંદુ દેવી મંગલા, જગત જનની માઁ કૃપાળી,
લાવો ભક્ત પર દયા, મંગલા ધોને દુઃખ ટાળી,
ઈચ્છા પૂર્ણ કરો, ધરો કર શિરે, માઁ મંગલા દયાળી,
યાચે તુજને ભાવ ધરી જે, તેની કરો માઁ રખવાળી.


# દેવ દિવાળી - પ્રબોધિની એકાદશી


દેવઉઠી અગિયારસે ઠાકોરજીની સેવામાં સર્વત્ર હવેલીમાં રચાતી રંગોળી પ્રમાણે તુલસી-વિવાહના મંડપમાં નવચોકીની રંગોળી પૂરી ચારે ખૂણે શંખ, ચક્ર, ગદા, પદ્મ (કમળ) ની રચના કરવી. **- સંકલન**











# રોજ રોજ દીવાળી

**- દેવાંગ રાજેન્દ્ર મોદી**

**તારા આગમને આંગણે અજવાળા હો**
**સઘળી એની તૈયારી છે.**
**આ દીવાળી તો બસ,**
**એક બહાનુ છટકવાની બારી છે.**

હું નાનો હતો ત્યારે માં કહેતી જીવનમાં કંઈક મેળવવા જેવું હોય તો તે ખૂસી અને આનંદ છે !

હાઈસ્કુલમાં ભણતો ત્યારે જીવનના ઉત્સવ વિશે નિબંધ લખવાનો હતો. ત્યારે મે લખ્યું કે જીવનમાં ખૂશી અને આનંદ મળે તેનાથી મોટો કોઈ ઉત્સવ નથી. શિક્ષકે કહ્યું તને ઉત્સવ વિશે ખબર નથી.. મેં હસીને કહયું તમને જીવન વિશે ખબર નથી !..

આમતો બધા તહેવારો મને ગમે પણ દીવાળીના તહેવારનું મારે મન વિશેષ મહત્વ છે. મારે મન દીવાળી એટલે ફટાકડાંની રંગબેરંગી રોશનીનો વરસાદ જાણે ભગવાને હજારો સૂરજ લૂટાવી દીધા આપણા આસમાન પર. સાથે લખુ તો અનારના ફૂવારામાં ઉડતી મારી પ્રસન્નતા રોકેટમાં આસમાનને ચૂમતી મારી મહત્વકાંક્ષા, ગોળ ગોળ ફરતી ચકરડીની જેમ પૃથ્વીની પ્રદક્ષિણા કરવાની મારી હોશ સૂતળી બોમ્બના ધડાકામાં ઠલવાતો સીસ્ટમ પ્રત્યેનો મારો આક્રોશ. આમતો બધા જ તહેવારો આપણને ખૂશી અને આનંદ આપે છે. એ માણી લેવાની ક્ષણોજ આપણી હોય છે. અને આમ પણ આપણે જો મન થી માની લઈએ તો રોજ દીવાળી અને રોજ હોળી છે. જીવનની વ્યસતતા વચ્ચે ક્યાંક ક્યારેક તો અટકવાનું છે. યોગ્ય સમયે રોકાતા અને જીવન માણતા જો આવડી જાય તો એનાથી મોટો જીવનમાં ઉત્સવ કોઈ નથી.

''પઢ પઢ આલમ ફાઝલ બન્યા કભી અપને આપકો પઢયા હી નહીં''.

ને જો મનોમંથન કરૂ તો રોજ સવારે ખરાદિલથી ઠાકોરજીની હું સેવા કરી શકું. જો હું પ્રમાણિકતાથી મારો વ્યવસાય કરી શકતો હોઉ મારા માથે દેવું ન હોય, હું ખડખડાટ હસી શકતો હોઉં ને રાત્રે ઘસઘસાટ ઉંઘી શકતો હોઉં. મારે જે ખાવું હોય એ ખાઈ શકું ને કોઈ ગરીબના આસું હું લૂછી શકતો હોઉં કોઈનું દિલ ના દુભાય એવું મારૂ વર્તન હોય, મિત્રો સાથે મોર્નિંગ વોક પર દલીલો કરી શકતો હોઉં, તેમને હસાવી શકતો હોઉ, મારી મિત્રો પણ સતત મારી હાજરી ઝંખતા હોય ક્યારેક એમની સાથે બે પેગ મારી મહેફિલ જમાવી શકતો હોઉ, મારા મનગમતા પુસ્તકો વાંચી શકતો હોઉ, દીકરાની નાની-નાની ખૂશીઓ માણી શકતો હોઉં, મારી પત્ની સાથે હાથમાં હાથ નાખી દરિયાકિનારે એક મનગમતી સાંજ ગાળી શકુ છું. ને ચાહુ ત્યારે પરિવારને મિત્રો સાથે પ્રવાસે ઉપડી શકું છું. નાની નાની ક્ષણો ને પળોને નાની નાની ખુશીઓને જો હું રોજ માણી શકતો હોઉં તો થેક્યું. ઈશ્વર મારી યોગ્યતા કરતા તે મને ઘણું બધું આપ્યું છે. ને જીવનના છેલ્લા દિવસ સુધી બસ આ બધુ ટકી રહે તો લહેર પડીજાય. તહેવારો તો આવે ને જાય મારા માટે તો પ્રત્યેક દિવસ દીવાળીનો ઉત્સવ બની જાય ને આપ સૌ મિત્રો માટે લખું તો

**હજારો દીવડાઓનો પ્રકાશ હોય**
**ખુશીઓથી ઝળહળતો પ્રત્યેક દીન હોય,**
**સ્વયંમાં લક્ષ્મીનો આપના ઘરમાં વાસ હોય.**
**હરરોજ મનાવો આપ દીવાળી**
**એવી મારી શુભકામનાં હોય**

આપની દીવાળી પણ મારી દીવાળી જેવી મંગલમય હોય એવી શુભેચ્છા.

❖❖❖❖❖

## શ્રી બાલાસિનોર નવયુકવ સંઘ

પુરસ્કૃત

# રમણલાલ ચંદુલાલ મોદી (ચોધરી)
# ટેલિફોન ડિરેકટરીની ૧૧મી આવૃત્તિ

**ખાસ નોંધ :** આપણી જ્ઞાતિના ઘણા કુટુંબોના ટેલિફોન ડિરેકટરીના ફોર્મ હજુ સુધી અમને તમારા તરફથી ભરીને મળ્યા નથી. આ ડિરેકટરીનું વહેલી તકે પ્રકાશન કરવાનો અમારો પ્રયાસ છે. તા. ૧૦ નવેમ્બર ૨૦૧૪ સુધી ફોર્મ ભરી તમારા નજીકના કાર્યકર્તાને, સંસ્થાની ઓફિસમાં પહોંચતું કરી દેશો અથવા ઈ-મેઈલ કરો આના પર. balasinor.navyuvaksangh@gmail.com

**મંત્રી - શ્રી ભાવેશ બીપીન મોદી (ઠાસરાવાળા)** **સંયોજક/સહમંત્રી : શ્રી જસ્મીન બીપીન શેઠ (અત્તરવાલા)**

## શ્રી બાલાસિનોર નવયુવક સંઘ સંચાલીત

**શ્રી સુરેન્દ્ર રતીલાલ પરીખ (મે. સુરેન્દ્ર એન્જીનીયરીંગ કોર્પોરેશન) અને**
**શ્રી દક્ષેશભાઈ,**
**શ્રી મીનીષભાઈ કડકીઆ (કડકીયા એન્ટરપ્રાઈઝ) પુરસ્કૃત**

## આંતરીક રમત-ગમત ૨૦૧૪-૨૦૧૫

### સ્પર્ધાના નામો

**૧) કેરમ સીંગલ્સ અને ડબલ્સ (૨) કેરમ સીંગલ્સ (૩) કેરમ સુપર હિટ મુકાબલા (૪) ચેસ**

કન્વીનરને ગેમ રદ કરવી અથવા રુલ્સ બદલવાનો અધિકાર રહેશે.

આ સ્પર્ધાનું આયોજન તા. ૧૬-૧૧-૧૪ના રોજ સવારે ૯.૩૦ વાગે સંસ્થાની ઓફીસમાં, સી.પી.ટેન્ક ખાતે શરૂ થશે.

ચેસ અને કેરમ એક જ દિવસે તા. ૧૬-૧૧-૧૪ના દિવસે રમાડવામાં આવશે. જેઓને ઉપર જણાવેલ રમતમાં ભાગ લેવો હોય તો તે શ્રી સંજય જે. શાહનો સંપર્ક કરવો. મો. ૯૮૨૦૩૪૧૩૭૦ અથવા સંસ્થાની ઓફીસે સંપર્ક કરવા વિનંતી. એન્ટ્રી માટે રૂા. ૫૦/- ભરવાના રહેશે.

સંજોગોવશાત ઉપનગર વિભાગની આંતરિક રમતગમત રદબાતલ (કેન્સલ) કરવામાં આવી છે. સ્પર્ધા માટેની નવી તારીખ આવતા અંકમાં પ્રગટ થશે.

**મંત્રી - ભાવેશ બીપીન મોદી** **સંયોજક - સંજય જયંતીલાલ શાહ**

# SHREE BALASINOR NAVYUVAK SANGH
# PRESENTS
# SHREE NATVERLAL CHUNILAL MODY
# JANSATHI CRICKET TROPHY 2014-2015

Anxious wait for the start of Cricketing season is over with the JANSATHI TROUPHY 2014-2015 about to commence in October. Four teams with 72 players will play for the coveted trophy.

Countinuing with the trend to SPONSOR the four teams, we are glad to announce the sponsors for every teams as below:

| | | | |
|---|---|---|---|
| 1. | Shri Ratilal Chandulal Mehta | : | R C CERAMICS |
| 2. | Shri Nitin Kacharia (Thassarrawala) | : | KACHARIA GLADIATORS |
| 3. | Shri Harshad Gandhi | : | MANISH CHALLENGERS |
| 4. | DCC | : | DCC TUSKERS |

We thank all the four sponsors for their support and kind Co-Operation.

All the players will be presented with a T-SHIRT of their respective Team/Sponsor. The Players will have to compulsory were the Sponsors attire during the matches.

This year also we have verious awards such as Man of the Match, Best Batsman (of the Tournament), Best Bowler (of the Tournament) and Man of the Tournament with Special Prizes. There will also be a prize money for the winning team as awarded last year.

These prizes are sponsored by Shri Samir Rameshchandra Desai (Menpurawala) for which the Committee would like to thanks him.

## જ્યોતીપુંજ અંગે અગત્યની સુચના

સમાજની સર્વ સંસ્થાઓના પ્રમુખ, હોદેદારોને નમ્ર વિનંતી કે આપની સંસ્થાની માહિતી જ્યોતિપુંજમાં પ્રગટ કરવા માટે મહિનાની છેલ્લી તારીખ સુધીમાં મોકલાવી દેવી. તે જ પ્રમાણે સર્વ જ્ઞાતિજનોને નમ્ર વિનંતી કે આપની કૃતિઓ, માહિતીઓ મહિનાની છેલ્લી તારીખ સુધીમાં મોકલાવી દેવી.

ત્યારપછી આપેલી તમામ વિગતોનો બીજા મહિનાના અંકમાં સમાવેશ કરવાની ગણતરીમાં લેવામાં આવશે જેની ખાસ નોંધ લેવી.

શ્રી બાલાસિનોર નવયુવક સંઘ **જ્યોતિપુંજ**નું પોસ્ટીંગ દરેક મહિનાની તારીખ ૨૦ અથવા ૨૧ એ કરે છે. જે વ્યક્તિને સમયસર જ્યોતિપુંજ ન મળતુ હોય તે પોતાના સ્થાનિક પોસ્ટ ઓફિસમાં સંપર્ક કરે. સંસ્થા દર મહિનાની ૨૧ મી તારીખે વેબસાઈટ **www.balasinor.org** પર જ્યોતિપુંજ અપલોડ કરે છે તેની નોંધ લેશો.

**મંત્રી : ભાવેશ મોદી**

## FOUR TEAMS FOR THE JANSATHI CRICKET TOURNAMENT 2014-2015 ARE AS FOLLOWS:

| | TEAM NAME | | TEAM NAME | | TEAM NAME | | TEAM NAME |
|---|---|---|---|---|---|---|---|
| | R.C.CERAMICS | | KACHARI GLADIATORS | | D.C.C. TUSKERS | | MANISH CHALLENGERS |
| 1 | APURVA DHARIA (CAP) | 1 | RIPAL PARIKH (CAP) | 1 | VISHAL JARIWALA (CAP) | 1 | NIRAV DESAI (CAP) |
| 2 | DHARAV PARIKH (V.C.) | 2 | DAXIT GNDHI (V.C.) | 2 | RIKIT MODY (V.C.) | 2 | SAHIL DESAI (V.C.) |
| 3 | CHIRAG DESAI | 3 | SHITEN KADAKIA | 3 | SAMIR R DESAI | 3 | KINJAL P. PARIKH |
| 4 | JIGAR PARIKH | 4 | ROHAN DHARIA | 4 | SANIL DESAI | 4 | VISMAY CHOKSI |
| 5 | CHIRAG PARISH (W.K.) | 5 | TEJAS SHAH (W.K.) | 5 | CHIRAG DESAI (W.K.) | 5 | DIVYA KADAKIA (W.K.) |
| 6 | JIMISH DESAI | 6 | ASHWIN KARKERIA | 6 | PARESH PARIKH | 6 | MITEN PARIKH (W.K.) |
| 7 | PANKAJ KADAKIA | 7 | KUNAL PARIKH | 7 | DIPEN MODY | 7 | SANJEEV DHARIA |
| 8 | SOHIL DESAI | 8 | VIVEK GUPTA | 8 | UTSAV MODI | 8 | RUCHIT DOSHI |
| 9 | DEVANG PARIKH | 9 | PURAV PARIKH | 9 | SACHIN MEHTA | 9 | ROHAN DESAI |
| 10 | RONAK DHARIA (W.K.) | 10 | PRITESH THAKKAR | 10 | SUKETU PARIKH | 10 | RITESH B KAKDAKIA |
| 11 | SACHIT PARIKH | 11 | JAY DOSHI | 11 | ARPIT ASHIT GANDHI | 11 | NIHAR KADAKIA |
| 12 | CHETAN J KADAKIA | 12 | RUPESH D MODI | 12 | MITESH N DHARIA | 12 | MITUL PARIKH |
| 13 | SATISH LAKDAWALA | 13 | SANKET DHARIA | 13 | SUMEET ENGINEERING | 13 | RIKKIN DESAI |
| 14 | SAMIR MODY | 14 | AMAN DHARIA | 14 | ROHAN DINESH DESAI | 14 | PRAFULL DHARIA |
| 15 | AAKASH PARIKH | 15 | AMAN KADAKIA | 15 | CHIRAG MODI | 15 | CHINTAK P. PARIKH |
| 16 | DAANISH PARIKH | 16 | HARSH GANDHI | 16 | JINISH KADAKIA | 16 | DHVANIL DHARIA |
| 17 | KRISH CHANDIWALA | 17 | MITUL DOSHI | 17 | NAITIK PATEL | 17 | NILPESH MODI |
| 18 | VRUSHANK KADAKIA | 18 | TARIK SHAH | 18 | YATIN DESAI | 18 | JIGAR KADAKIA |
| 19 | MIHIR DESAI | 19 | NIRAV JHAVERI | 19 | GAURAV KADAKIA | 19 | KARAN MODI |

### PLAYING FORMAT OF JANSATHI TROPHY 2014-2015

(1) Each team will play against each other once.
(2) Each team will play three matches in the league.
(3) Net Run Rate will come into effect if points are equal.
(4) Two points will be awarded to the team winning the match.
(5) One point extra for beating the opposition by a margin of 20 %
(6) Top two teams will play the finals.
(7) Winner will lift the Coveted JANSATHI CRICKET TROPHY

Thanking You,

**Bhavesh Modi (Secretary)** **Chirag Parikh (Convenor)**

# SHREE BALASINOR NAVYUVAK SANGH

## PRESENTS

# M.H.DHARIA - BPL T20 2014-15

**It gives us a great pleasure in informing that we have received the following co-sponsors for the M.H.DHARIA BPL T20 Trophy 2014-15.**

1) The cricket kit for all the four teams has been co-sponsored by
   SHRI BHARTIBEN INDRAVADEN SHAH (Hathikanawala).
2) The DRINKS TROLLEY has been co-sponsored by
   SHRI RAMESHCHADRA MOHANLAL DESAI (IMPEX ENGINEERING & EQUIPMENTS CO.)
3) The BPL TOP XV TROPHY has been co-sponsored by
   VERSALITE HITECH LIGHTING PVT. LTD.
4) BEST CATCH & MAX SIXES in a match has been co-sponsored by
   SHRI KAMLESH MODY (M.C.MODY)
5) MAN OF THE MATCH : SHRI YOGESH DHARIA & SHRI BIPIN GANDHI.
6) BEST BATSMAN OF THE SERIES : SHRI NIMISH KADAKIA.
7) BEST BOWLER OF THE SERIES : SHRI NIMISH KADAKIA.
8) MAN OF THE SERIES : QUICK INDUSTRIAL SUPPLIES PVT. LTD.

We thank each & **everyone for this kind gesuture & are honoured to have received your trust for us.**

Thanking You

**Bhavesh Modi (Secretary)** **Chirag Parikh (Convenor)**

**SHREE BALASINOR NAVYUVAK SANGH PRESENTS**

## M M DAHRIA

## BPL T 20 TROPHY 2014-2015

**The Teams for the M.H.DHARIA BPL T 20 TROUPHY 2014-2015 are as follows:**

| TEAM NAME | | TEAM NAME | | TEAM NAME | | TEAM NAME | |
|---|---|---|---|---|---|---|---|
| R.C.C. CHALLENGERS | | D.C.C.AVENGERS | | APEX WONDER BOYS | | KACHARIA KINGS | |
| GROUP - A | | GROUP - B | | GROUP - C | | GROUP - D | |
| COLOUR : RED | | COLOUR : ORANGE | | COLOUR : DARK BLUE | | COLOUR : LIGHT BLUE | |
| PLAYERS LIST | | PLAYERS LIST | | PLAYERS LIST | | PLAYERS LIST | |
| 1 | JIGAR PARIKH | 1 | KINJL PARIKH | 1 | SAHIL DESAI | 1 | DAXIT GANDHI |
| 2 | ASHWIN KARKERIA | 2 | SAMIR DESAI | 2 | TEJAS SHAH | 2 | RIPAL PARIKH |
| 3 | APURV DHARIA | 3 | DHARAV PARIKH | 3 | VISHAL JARIWALA | 3 | ROHAN DHARIA |
| 4 | RIKIT MODY | 4 | CHIRAG DESAI (25) | 4 | VISMAY CHOKSI | 4 | SHITEN KADAKIA |
| 5 | ROHAN DESAI | 5 | SANIL DESAI | 5 | NIREN DHARIA | 5 | VIVEK GUPTA |
| 6 | PARESH PARIKH | 6 | ANAND SHROFF | 6 | SOHAIL DESAI | 6 | CHIRAG DESAI (CD) |
| 7 | ANKUR PAREKH | 7 | PANKAJ KADAKIA | 7 | DEVANG PARIKH | 7 | KUNAL PARIKH |
| 8 | CHIRAG PARIKH | 8 | JIMISH DESAI | 8 | SANJAV DHARIA | 8 | UTSAV MODY |
| 9 | MITEN PARIKH | 9 | SACHIN MEHTA | 9 | RONAK DHARIA | 9 | KRUNAL DESAI |
| 10 | RITESH KADAKIA | 10 | CHETAN KADAKIA | 10 | MITUL GANDHI | 10 | RUCHIT DOSHI |
| 11 | MITUL PARIKH | 11 | RUPESH D MODI | 11 | NIRAV JHAVERI | 11 | VIRAJ PARIKH |
| 12 | PARITESH THAKKAR | 12 | NIHAR KADAKIA | 12 | SAURIN PARIKH | 12 | JAY DOSHI |
| 13 | AMAN DHARIA | 13 | VRUSHANK KADAKIA | 13 | VAISHALYA GANDHI | 13 | SANKET DHARIA |
| 14 | DHAVAL SHAH | 14 | SUKETU PARIKH | 14 | SUMEET ENGG | 14 | ARPIT GANDHI |
| 15 | RIKKIN DESAI | 15 | BHAVIK DHARIA | 15 | NAITIK PATEL | 15 | HARSH GANDHI |

---

**શ્રી બા.ન. સંઘ સંચાલિત**
**શ્રીમતી શાંતાબેન કાંતિલાલ દોશી પુરસ્કૃત**

# મહિલા વિભાગ

## દિવાળી સ્નેહ સંમેલનની જાહેરાત

**તારીખ :** ૩૧ ઓક્ટોબર, **સ્થળ:** તેજપાલ હોલ, **સમય :** ૨.૩૦ વાગે

**કાર્યક્રમ :** સંગીતને સથવારે **મ્યુઝિકલ પાર્ટી ભારતેશ કામદાર પ્રસ્તુત કરે છે.**

આ કાર્યક્રમના મુખ્ય મહેમાન શ્રીમતી મિનાક્ષીબેન મોહિતકુમાર મહેતા (કલકત્તાવાળા) છે.

**લી. સોહિણી કડકિયા – ૯૮૨૦૩૫૬૩૫૯**

# શ્રી વાડાસિનોર દશાનિમા નવયુવક મંડળ અને શ્રી વાડાસિનોર દશાનિમા નવયુવક મંડળ મેડિકલ ટ્રસ્ટની ૮૬મી વાર્ષિક સામાન્ય સભા તથા પહેલી મિટિંગનો અહેવાલ

મંડળની વાર્ષિક સામાન્ય સભા તા. ૨૫-૯-૧૪ને ગુરૂવારે સાંજે ૭.૩૦ વાગે હિન્દી વિદ્યા ભવન મરીન લાઈન્સ ખાતે યોજવામાં આવી હતી.

ચૂંટણી કન્વીનીયર નિતીનભાઈ ગાંધીએ નિમણુંક કર્યા હતા. આ ચૂંટણી ૨૦૧૪-૨૦૧૫ થી ૨૦૧૮-૨૦૧૯ પાંચ વર્ષ માટે યોજાઈ હતી. કમિટિ ૨૧ મેમ્બરની હોય પણ આપણા ૧૭ ફોર્મ ભરાયા હતા. ૧૫ જણાના ફોર્મ બરાબર હતા. બે જણના ફોર્મ રીજેક્ટ થયા.

પ્રમુખ તરીકે શ્રી પંકજભાઈ કાંતિલાલ ધારીઆ (લાલખાં) ની નિમણુંક કરવામાં આવી હતી.

**સેક્રેટરી : કિરીટ રમણલાલ ધારિયા, નિમિષ મનહરલાલ કડકિયા**

## દિવાળી એટલે 'ઈચ્છા પૂર્તિ'ની ક્રિયા કરવાનો તહેવાર

ક્ષણે ક્ષણે મનુષ્યને અવનવી ઈચ્છાઓ થતી હોય છે. ઈચ્છાઓ ઘણા પ્રકારની હોઈ શકે. સાંસારિક, સામાજીક, રાજકીય, રાષ્ટ્રીય. નવું ઘર લેવું, દુકાન, ફેકટરી કે જમીને લેવી, નવા વેપાર-ધંધાની શરૂઆત કરવી, નવો જોબ મેળવવો, ઘરમાં દિકરા-દિકરીના વિવાહ-લગ્ન મંડાય, કોર્ટ-કચેરી માટે હોય વગેરે. આપણી અનંત ઈચ્છાઓ પરિપૂર્ણ કરવા ઘણીવાર આપણી ક્ષમતા, આવડત, ધન, સંજોગો નો સાથ નથી મળતો. યોગમાં એટલું સામર્થ્ય છે કે તમે ઈચ્છો તે પ્રાપ્ત કરી શકો. યોગ એટલે જ જે ઈચ્છા થાય તે પ્રાપ્ત કરવું. તે દિશામાં પ્રગતિ કરતાં જવું, શરીર, મનની સુસજ્જતા, પ્રાર્થના, પ્રણવ, ભસ્ત્રિકા, અનુલોમ વિલોમ, એકાગ્રતા, ધ્યાનના સુંદર સમન્વય દ્વારા આ માર્ગ મોકળો થાય છે. પરિબળો હકારાત્મ બનતા જાય છે. કોન્સીયસ માઈન્ડની અવસ્થા એ કરેલા વિચાર, નિર્ણય પરિણામ આપવામાં ખરા ખોટા સાબિત થઈ શકે છે. સબકોન્સીયસ માઈન્ડની અવસ્થા એ થી આ માટેની પ્રાપ્તિ શક્ય બને છે. જે જોઈએ છે તેના પર સંપૂર્ણ ફોકસ રાખી આમાં આગળ વધાય છે. એટલે કે એક વખત એક ઈચ્છા પર ધ્યાન કેન્દ્રિત કરી પરિપૂર્ણતા હાંસલ કરાય છે. યોગની આ આધ્યાત્મિક ક્રિયામાં ઈચ્છા પરિપૂર્ણ થાય ત્યાં સુધી ક્રિયાયોગમાં રોજ એનું મનન જરૂરી છે. આમ કરતાં કરતાં મનની બધી ઈચ્છાઓ ધીમે ધીમે પરિપૂર્ણ થવા લાગે છે. અને જ્યારે જીવનમાં કોઈ ઈચ્છા જ નથી રહેતી તે છે શ્રેષ્ઠ અવસ્થા. મનમાં, જીવનમાં હવે કશું જ પ્રાપ્ત કરવાની ઈચ્છા રહી નથી. જ્યારે અહીં પૂર્ણતા આવે છે પછી આગળ આગળ આ માર્ગ વધારે સુનિશ્ચિત બને છે. પરમ સામિપ્યનો પંથ ખૂલતો જાય છે.

## સભ્યના અવસાનબાદ જ્યોતિપુંજ

શ્રી બાલાસિનોર નવયુવક સંઘના આજીવન સભ્યને જયોતિપુંજ ફ્રી મોકલવામાં આવે છે. સભ્યના અવસાન બાદ જો એ વ્યક્તિના કુટુંબમાં અન્ય વ્યક્તિ આજીવન સભ્ય હોય તો તેઓએ શ્રી બાલાસિનોર નવયુવક સંઘમાં જણાવવાનું રહેશે જેથી મૃત્યુ પામેલ સભ્યનું બંધ થયેલ જ્યોતિપુંજ ફરીથી નવા નામે મોકલવાનું શરૂ કરી શકાય. જો આ બાબતની જાણકારી ન મળે તો અવસાન પામેલ સભ્યને જયોતિપુંજ મોકલવાનું બંધ કરવામાં આવશે. આશા છે સભ્યના કુટુંબીજનો આ બાબતમાં ઘટતું કરી નવા સભ્યપદ દ્વારા જ્યોતિપુંજ મેળવતા રહેશે અને આ યથાયોગ્ય વ્યવસ્થાની સામે નારાજગી વ્યક્ત નહીં કરે.

**–માનદ્ મંત્રી ભાવેશ મોદી**

# શ્રી વાડાસિનોર દશાનીમા વિદ્યોતેજક મંડળ
# બાલાસિનોર વિદ્યોતેજક ચેરીટેબલ ટ્રસ્ટ

મંડળની વાર્ષિક સામાન્ય સભા (AGM) તારીખ ૨૧મી સપ્ટેમ્બર ૨૦૧૪ રવિવારના રોજ રમા વાટુમલ ઓડિટોરીયમ કે.સી.કોલેજ, ચર્ચગેટ ખાતે આયોજિત કરવામાં આવી હતી. સભામાં ગત વર્ષનો અહેવાલ રજુ કરવામાં આવ્યો હતો, જે સર્વાનુમતે પસાર કરવામાં આવ્યો હતો.

સંસ્થાઓનાં નેજા હેઠળ જે ભંડોળનો વહીવટ કરવામાં આવે છે તેની ૩૧-૩-૧૪ના રોજ ૨૦૧૩-૧૪ના વર્ષાંતે નાણાંકીય સ્થિતિ અને શૈક્ષણિક સહાયની રકમ આ પ્રમાણે છે.

| નંબર | નામ | ભંડોળ |
|---|---|---|
| ૧. | શ્રી વાડાસિનોર દશાનીમા વિદ્યોતેજક મંડળ | ૮૯,૭૬,૮૪૪.૦૦ |
| ૨. | બાલાસિનોર વિદ્યોતેજક ચેરીટેબલ ટ્રસ્ટ | ૧,૫૨,૯૩,૯૨૫.૦૦ |
| ૩. | લટકારી ફાઉન્ડેશન ટ્રસ્ટ | ૭,૭૪,૫૭૪.૦૦ |
| | કુલ ભંડોળ રૂા. | ૨,૫૦,૪૫,૩૪૩.૦૦ |
| | કુલ રોકાણ (ઈન્વેસ્ટમેન્ટ) રૂા. | ૨,૪૪,૨૬,૯૦૭.૦૦ |
| | કુલ ૧૧૧ વિદ્યાર્થીઓને શૈક્ષણિક સહાય રૂા. | ૨૪,૦૮,૫૬૦.૦૦ |
| | અન્ય સંસ્થાઓ ટ્રસ્ટોના સહયોગથી શૈક્ષણિક સહાય રૂા. | ૭,૮૨,૦૦૦.૦૦ |
| | કુલ શૈક્ષણિક સહાય રૂા. | ૩૧,૯૦,૫૬૦.૦૦ |
| | કુલ શૈક્ષણિક પારિતોષિક રૂા. | ૧૭,૩૦૦.૦૦ |

વિવિધ અભ્યાસક્રમોનાં કુલ ૨૫ સફળ વિદ્યાર્થીમિત્રોને શૈક્ષણિક પારિતોષિક રૂપે કુલ રૂા. ૧૭,૩૦૦/- નું વિતરણ કાર્યક્રમનાં અંતમાં કરવામાં આવ્યું હતું.

સભાની શરૂઆતમાં દિવંગત પ્રમુખ શ્રી રસિકભાઈ લાકડાવાળા, ‘વાડસોલ કર્મવીર’ અને ટ્રસ્ટી શ્રી મોહનભાઈ પરીખ તેમજ વર્ષ દરમિયાન ચિરવિદાય લેનાર અન્ય સભ્યોની યાદમાં મૌન પાળવામાં આવ્યું હતું. ત્યારબાદ સભાને પોતાના ઉદ્‌બોધન દ્વારા પ્રમુખ શ્રી અસીત દેસાઈએ, બન્ને સંસ્થાઓની કામગીરીનો આછો ચિતાર રજુ કર્યો અને સહાય લેનાર વિદ્યાર્થીઓને સંબોધતા આશા વ્યક્ત કરી કે તેઓ પણ આવતી કાલના દાતા બને તો આપણી કાયમી ધોરણે કાર્યરત અને સ્વનિર્ભર બની રહે.

દાતાઓની હાજરી અને તેમનું ગૌરવ તેમજ અગ્રણીઓ અને આમંત્રિતોની ઉપસ્થિતિ, મંડળ અને ટ્રસ્ટની કાર્યશૈલી અને ધ્યેયને સમાજનાં દરેક વર્ગને પહોંચાડવામાં મદદરૂપ બને એ હેતુસર દાતાઓનું સન્માન પણ AGM સાથે સાંકળી લેવામાં આવે છે. તેના ફળસ્વરૂપ સહુ પ્રથમ સંસ્થાનાં સન્માનીય ભૂતપૂર્વ વિદ્યાર્થી દાતાઓ

(૧) શ્રી સૌરભ પરેશ ઓચ્છવલાલ પરીખ (બખલી)

(૨) શ્રી જીગર નિતીન મોહનલાલ દેસાઈ (દુધવાળા)

(૩) શ્રી દીપેશ અજીત નટવરલાલ મોદી

(૪) શ્રી વસંત કિર્તનલાલ પરીખ (ડાબલી)

નું પ્રશસ્તિ પત્ર દ્વારા સન્માન આયોજાયું હતું. જે તે પૈકીનાં બે ઉપસ્થિત દાતાઓએ હાજર રહી સ્વીકાર્યું હતું. ત્યારબાદ એક લાખ કે તેથી વધુ રકમનું દાન આપનાર સન્માનનીય ઉદાર દિલ દાતાઓનું સન્માન કરવામાં આવ્યું હતું.

(૧) શ્રીમતી લીલાબહેન ગુણવંતરાય ઓચ્છવલાલ શાહ (સુરતવાળા)

(૨) વાડસોલ કર્મવીર શ્રી મોહનલાલ ચુનીલાલ પરીખ (લાય)

(૩) શ્રી પરેશ બાબુલાલ મણિલાલ કડકીયા (વલ્લભઘેલા)

(૪) શ્રીમતી નિકીતા હેતન પ્રવિણચંદ્ર કડકીયા (કુણીવાળા)

(૫) શ્રી જીજ્ઞેશ મહેન્દ્રકુમાર પરીખ (લાકડાવાળા)

(૬) શ્રીમતી શીલાબહેન બંકીમચંદ્ર શ્રોફ

(૭) શ્રી સૌરભ પરેશ ઓચ્છવલાલ પરીખ (બખલી)

જે પૈકીનાં બે ઉપસ્થિત દાતાઓ શ્રી પરેશભાઈ કડકીઆ તેમજ શ્રીમતી શીલાબહેન શ્રોફનું શાલ તેમજ મેમેન્ટો અર્પણ કરી સન્માન કરવામાં આવ્યું હતું તેમજ અનુપસ્થિત દાતાઓનો નામોલ્લેખ અને સંક્ષિપ્ત પરીચય આપવામાં આવ્યો હતો. આ પ્રસંગે લટકારી ફાઉન્ડેશનનાં દાતાશ્રી અતુલ નવનીતલાલ કડકીયા (લટકારી), જેઓ પ્રથમ વખત પ્રસંગે ઉપસ્થિત હતાં તેમનું પુષ્પગુચ્છ અને શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું.

દર વર્ષે AGM સાથે દાતાઓનું સન્માન તેમજ શ્રીમતી હંસાબહેન પ્રવિણચંદ્ર કડકીયા અને શ્રીમતી રૂપલબહેન પ્રદીપ કડકીયા ખીસાદાર પ્રાયોજીત 'ટેલેન્ટ એપ્રીશીએશન યોજના'ને સાંકળી લેવામાં આવે છે, તે અંતર્ગત કાર્યક્રમની શરૂઆત આપણા એક અદભુત ટેલન્ટ, અભિનેતા શ્રી હેમલ ચંદ્રકાંત ધારીઆ એ 'સંતુ રંગીલી' નાટકનાં એક પાત્રી અભિનય પ્રયોગ થી કરી, જેણે શ્રોતાઓને મનોરંજક અનુભુતીથી આફરીન કરી દીધા.

સંસ્થાની આગવી ઓળખ સમાં સીમાચિન્હરૂપ શ્રીમતી હંસાબહેન પ્રવિણચંદ્ર કડકીયા અને શ્રીમતી રૂપલબહેન પ્રદીપ કડકીયા ખીસાદાર પ્રાયોજીત ટેલન્ટ એપ્રીશીએશન યોજના' ના ઉપક્રમે આપણા શિક્ષણેતર અને વ્યવસાયેતર ક્ષેત્રે સિદ્ધી મેળવનાર અગ્રગણ્ય વિભુતીઓનું જાહેર સન્માન કરી ભણતર ઉપરાંત ગણતરનું પણ ગૌરવ કરવામાં આવ્યું. આપણા સમાજનાં પરખાયેલા અને વણપરખાયેલા નામી અનામી વિવિધ ટેલન્ટસ અને વ્યક્તિ વિશેષોને આમંત્રી, જાહેર મંચ પરથી તેમની ઉપલબ્ધિઓને બિરદાવાઈ અને 'વાડસોલ ગૌરવ'ના બિરૂદથી વિભુષિત કરી આ વિભુતિઓને સમાજમા આગવી ઓળખ આપવામાં આવી.

આ વર્ષનાં 'વાડસોલ ગૌરવ' બિરૂદનાં સન્માનીય વ્યક્તિ-વિશેષો અને ઉપલબ્ધિકારો

(૧) ડૉ. દીપક રસિકલાલ પરીખ - Professional par Excellence Speciality Chemical & Polymers

(૨) ડૉ. રાજીવ નવનીતલાલ પરીખ - Professional par Excellence Eminence in Ophthalmology & Social Service

(૩) શ્રી કિરણ બિપીનચંદ્ર ઝવેરી - Professional par Excellence joint Commissioner Commercial Taxes

(૪) શ્રીમતી પીંકી મહેતા - Professional par Excellence નારી ગૌરવ - Corporate Management

(૫) શ્રી હેમલ ચંદ્રકાંત ધારીઆ - Professional par Excellence Eminence in Dramatics & Acting

(૬) રીચા રાકેશ શાહ - Rising Film Maker - નારી ગૌરવ

શ્રી ચેતન મોદી (બંગડી) એ દરેક વ્યક્તિ-વિશેષોની સિદ્ધિઓ સમાજ સમક્ષ રજુ કરવાની મુખ્ય ભુમિકા નિભાવી. 'વાડસોલ ગૌરવ' બિરૂદ થી સન્માનિત દરેક વ્યક્તિ - વિશેષોએ સમાજ પ્રત્યે આભારની લાગણી તો વ્યક્ત કરીજ સાથે સાથે આગવો પ્રતિભાવ પણ આપ્યો. રીચા રાકેશ દોશી, પોતાની ઉપલબ્ધિનું શ્રેય પોતાની દાદીને આપ્યું હતું અને સ્વરચિત અંગ્રેજી કાવ્ય પઠન કરી દાદીની સ્તુતિ કરી હતી.

અભિનય છટાથી પ્રેક્ષકોનાં મન મોહી લેનાર રાજુભાઈ રામભરોસે ઉર્ફે હેમલ ચંદ્રકાંત ધારીઆ એ આભારની લાગણી પ્રગટ કરી. ડૉ. દીપક પરીખ અનિવાર્ય કારણો સર અનઉપસ્થિત રહેતાં, તેમનાં માતુશ્રીએ સન્માન સ્વીકારી આભાર વ્યક્ત કર્યો હતો. ડૉ. રાજીવ નવનીતલાલ પરીખે ચક્ષુદાનનું મહાતમ્ય સમજાવ્યું અને નેત્રદાન તેમજ આંખનાં દર્દીઓ માટે દરેક પ્રકારની મદદ માટે હાકલ કરી અને તેમની પોતાની પ્રતિબધ્ધતા પણ દર્શાવી. શ્રીમતી પીંકી મહેતાએ આયોજનની પ્રસંશા કરી અને સમાજની દિકરીઓ અને બહેનોને કરિયરમાં આગળ વધવાં પ્રોત્સાહન આપ્યું. શ્રીમતી પીંકી મહેતાએ, આ પ્રસંગે મંડળને રૂા. ૨૫,૦૦૧ (રૂા. પચીસ હજાર એક)નાં દાનવચનની પણ જાહેરાત કરી.

અમદાવાદથી ખાસ પધારેલ જોઈન્ટ કમિશ્નર શ્રી કિરણ બિપીનચંદ્ર ઝવેરી, જે લાગણીનાં આવેશમાં ભાવુક થઈ ગયાં પણ ત્યારબાદ, એમણે એક વરિષ્ઠ અમલદારને છાજે તેવાં સુચનો સમાજ માટે કર્યા.

**'વાડસોલ કર્મવીર'**

મંડળને અવિરત ૫૧ વર્ષ, સંનિષ્ઠ અને કાર્યદક્ષ સેવા આપી માર્ગદર્શક ભુમિકા ભજવનાર દાતાશ્રી નટવરલાલ ચંદુલાલ પરીખ (વોરા)ની પ્રેરક સ્મૃતિ રૂપે, 'વાડસોલ કર્મવીર' સન્માન પદક આપવાની યોજના ઘડવામાં આવી છે. જે અન્વયે આપણાં સમાજની વિવિધ સંસ્થાઓને દીર્ઘકાલિન કાર્યક્ષમ રાહબરી પુરી પાડનાર કાર્યકર્તા અને જ્યોતિપુંજનાં પ્રથમ તંત્રી શ્રી પ્રવિણ સાંકરલાલ દેસાઈની સેવાઓને 'વાડસોલ કર્મવીર' સન્માનથી પ્રમુખશ્રી અસિત દેસાઈનાં હસ્તે ગૌરવાન્વિત કરવામાં આવ્યા. શ્રી ચેતન મોદીએ મુરબ્બીશ્રી પ્રવિણકાકાનો કાર્યકાળ અને તેમની સિધ્ધિઓને પ્રકાશમાં આણી.

'વાડસોલ કર્મવીર' શ્રી પ્રવિણ સાંકરલાલ દેસાઈએ પણ પ્રસંગોચિત અભિભાવના વ્યક્ત કરી, સમાજ પ્રત્યે આભારની લાગણી દર્શાવી. અને મરીઝ સાહેબનાં શેર થી સમાપન કરતાં, બશર્તે અલ્લાહ ઉધાર દે તો સમાજનું ઋણ ચુકવવાની લાગણી દર્શાવી, ઉપસ્થિત સમાજે ઉભા થઈ તાળીઓના ગડગડાટ સાથે 'વાડસોલ કર્મવીર' શ્રી પ્રવિણકાકાનું ગુણગૌરવ કર્યું. આ પ્રસંગે 'વાડસોલ કર્મવીર' શ્રી પ્રવિણકાકાએ મંડળને રૂા. ૨૫,૦૦૧ (રૂા. પચીસ જહાર એક)નાં દાનવચનની જાહેરાત કરી. મુરબ્બી શ્રી પ્રવિણકાકાકએ આ પ્રસંગે, તેમનાં ચાર દાયકાના વાંચનનાં સંચય રૂપ પુસ્તિકા 'આચમન'ની દ્વિતીય આવૃતી પણ ઉપસ્થિત સહૃદયોને વિતરિત કરી.

આ આયોજનમાં શ્રી ચેતન મોદી (બંગડી) એ વ્યક્તિ-વિશેષોની સિદ્ધિઓ સમાજ સમક્ષ રજુ કરવાની મુખ્ય ભુમિકા નિભાવી. ઉપરાંત પ્રશસ્તિપત્રો અને સન્માનપત્રોને તેમજ સંપુર્ણ કાર્યક્રમને, સંયોજક તરીકે યથોચિત આકાર આપ્યો.

ત્યારબાદ શૈક્ષણિક પારિતોષિક વિતરણ કરવામાં આવ્યા.

અંતમાં મંત્રી શ્રી જસ્મીન બિપીન શેઠે સૌનો આભાર માની સભાનું સમાપન કર્યું. કાર્યક્રમનાં અંતે ઉપસ્થિત સહુને કોફી મગ ભેટ આપવામાં આવ્યા.

## અનુકરણીય દાન

ચાલુ માસ દરમ્યાન બાલાસિનોર વિદ્યોતેજક ચેરીટેબલ ટ્રસ્ટને નીચે મુજબ દાન મળેલ છે.

૧. 'વાડસોલ કર્મવીર' શ્રી મણીકાંત છોટાલાલ કડકીઆ તરફથી શ્રીમતી કોકીલાબેન મણીકાંત કડકીઆનાં નામે રૂા. ૫૧,૦૦૦ (રૂા. એકાવન હજાર પુરા).

૨. 'એક હિતેચ્છુ' તરફથી રૂા. ૧,૦૦,૦૦૦ (રૂા. એક લાખ પુરા)

૩. 'વાડસોલ કર્મવીર' શ્રી પ્રવિણ સાંકરલલાલ દેસાઈ તરફથી તેમના ધર્મ પત્ની શ્રીમતી સુષ્મા પ્રવિણ દેસાઈનાં નામે રૂા. ૨૫,૦૦૧ ( રૂા. પચીસ હજાર એક)

૪. 'વાડસોલ ગૌરવ' શ્રીમતી પીંકી અતુલ મહેતા (શ્રીમતી અંજુબેન અને જગદીશ રમણિકલાલ ધારીઆનાં સુપુત્રી) તરફથી રૂા. ૨૫,૦૦૧ (રૂા. પચીસ હજાર એક) નું દાન વચન મળેલ છે.

મંડળ દાતાશ્રીનો અને તેમનાં પરિવારનો હૃદયપૂર્વક આભાર માને છે.

**(માનદ્‌મંત્રીઓ) : મંજુલ શૈલેષ ધારીઆ, જસ્મીન બિપીન શેઠ**

## શ્રી વાડાસિનોર ગોકુલેશ સમાજ

### ''આવ્યો રે મહાઓચ્છવ''

**બાલાસિનોરના સર્વે દશાનિમા વૈષ્ણવો**

પ્રતિવર્ષ મુજબ આ વર્ષે પણ 'શ્રી મહાઓચ્છવ' શ્રી ગોકુલેશ પ્રભુનો પ્રાકટ્ય ઉત્સવ : ૨૦૭૧ના માગસ સુદ ૭ને શુક્રવારે તા. ૨૮-૧૧-૧૪ના શુભ દિને મુંબઈમાં ધામધૂમથી ઉજવવામાં આવશે.

આ ઉત્સવના મનોરથી બનવાનું સૌભાગ્ય રમણલાલ જેઠાલાલ કચેરીયાના સંયુક્ત પરિવારને સાંપડયું છે.

### કાર્યક્રમ

તા. ૨૮-૧૧-૧૪ના દિવસે બપોરે ૩.૩૦ કલાકે મનોરથીના નિવાસસ્થાન B-1, ધીરજ એપાર્ટમેન્ટ, ૧૧-પેડર રોડ, (જસલોક હોસ્પિટલની બાજુમાં) મુંબઈ-૪૦૦૦૨૬ મુકામે સમાજ બેસસે અને પ્રાકટ્યનાં ધોળ-કીર્તનની રમઝટ બોલાવશે.

સાંજે ૬.૦૦ કલાકે શ્રી સત્સંગ મંડળની રૂમ, અમૃત વાડી, વી.પી.રોડ થી શ્રી ઠાકોરજીના કળશની શોભાયાત્રા નીકળી માધવબાગ સી.પી.ટેંક મુકામે જશે.

સાંજે ૭.૩૦ કલાકે બાલાસિનોરના મુંબઈમાં તેમજ પરામાં રહેતા સમસ્ત દશાનિમા વૈષ્ણવોને સહકુટુંબ - સહપરિવાર પ્રસાદ લેવા માધવબાગમાં પધારવા અમારી આગ્રહ ભરી વિનંતી છે. તો આ દરેક પ્રસંગે પધારી શોભામાં અભિવૃદ્ધિ કરશોજી.

**લી. મંજુલ શૈલેષ ધારિઆ (મંત્રી)**

## શ્રી ગોકુલનાથજી મંદિર, બાલાસિનોર

### ટહેલ

વ્હાલા ભગવદીય વૈષ્ણવો

આપણા મંદિરને મદાની શેરીમાં એક મકાન ભાવિક વૈષ્ણવ બહેન શ્રીમતી કમળાબેન જોષી તરફથી ભેટ મળ્યું હતું. તે મકાન જીર્ણ અવસ્થામાં હોઈ તે ઉતરાવી તેની જગ્યાએ નવં ''વૈષ્ણવ સદન'' બાલાસિનોર ખાતે આવતા વૈષ્ણવોને રહેવા ઉતરવાની સગવડ મળે તે હેતુથી અમારી મીટીંગમાં નક્કી થતાં નવા મકાનનું કામ શરૂ કરવામાં આવ્યું. આ બાબતની માહિતી આ અગાઉ બે વાર જ્યોતિ પૂંજમાં આપવામાં આવી હતી. હવે મકાનનું કામ બે ત્રણ મહિનામાં પૂરૂં થશે. ભોંય તળીયું અને પહેલો માળ હાલ બનાવ્યો છે.

ભોંયતળીયે એક મોટો હોલ બનાવ્યો છે જેની સેવા મળી ગઈ છે. મકાનના નામકરણ માટે દસ લાખની ટહેલ નાખી હતી તે પણ ઠાકોરજીની કૃપાથી પુરી થઈ ગયેલ છે.

હવે ભોંયતળીયે એક બ્લોક અને પહેલે માળે ચાર બ્લોક મળી પાંચ બ્લોક પૈકી ત્રણ બ્લોકના નામકરણની સેવા આવવાની બાકી છે. દરેક બ્લોકમાં એક રૂમ-રસોડું તથા બાથરૂમ સ્વતાંત્ર છે. તોની સેવા રૂા. ૨,૫૦,૦૦૦/- અઢી લાખ છે જે દાતા વૈષ્ણવના નામ સાથે બ્લોકનું નામ જોડવામાં આવશે.

આ સિવાય પાંચ બ્લોકના ફર્નિચર માટે બ્લોક દીઠ રૂા. ૫૦,૦૦૦/- (પચાસ હજાર) આપનાર વૈષ્ણવનું નામ તે બ્લોકના ફર્નિચર દાતા તરીકે તકતી મુકવામાં આવશે.

વૈષ્ણવ સદનમાં આવતા વૈષ્ણવોની સેવા એ ઠાકોરજીની સેવાનો અમુલ્ય અવસર છે. તો એનો લાભ લઈ વધાવી લેશો એવી આશા છે.

આ માટે મુંબઈ તથા વાડાશિનોર ખાતે સંપર્ક માટે

**મુંબઈ**

(૧) શ્રી રસીકલાલ સાકરલાલ મોદી (દેવ)
(૨) શ્રી કાર્તીકભાઈ રસીકલાલ કડકીયા
(૩) શ્રી જગદીશભાઈ રમણીકલાલ ધારીઆ
(૪) શ્રી સુધીરભાઈ ચીમનલાલ ધારીઆ (રંગુનવાળા)

**બાલાસિનોર**

(૧) શ્રી મણિકાંત છોટાલાલ કડકીયા
(૨) શ્રી નવીનચંદ્ર ચીમનલાલ શાહ

સૌ વેષ્ણાવોને જે જે શ્રી ગોકુલેશ

**શ્રી ગોકુલનાથજી મંદિર ટ્રસ્ટી મંડળ**

શ્રી બાલાસિનોર નવયુવક સંઘ સંચાલિત
**શ્રીમતી મંજુલાબેન શાંતિલાલ મહેતા (ધરીવાળા)પુરસ્કૃત**

COMPUTER COURSE

# કોમ્પ્યુટર શિક્ષણ યોજના

COMPUTER COURSE

જત જણાવવાનું કે સંસ્થાએ Software Academy (પ્રાર્થના સમાજ)/ M/S. Raj Software Techonology (India) LTD. (**Branches of Raj Academy -** Andheri (W), Bandra (E), Borivali (W), Kandivali (W), Dadar (E), Dahisar (E), Malad (W), Ghatkopar (W), Goregaon (W), Kandivali (E), Miraroad (E), Malad (E)), સાથે કરાર કરી આ યોજનામાં સ્કુલ અને કોલેજમાં ભણતા વિદ્યાર્થીઓ, ગૃહિણીઓ, સીનીયર સીટીઝન માટે સોનેરી તક ઉભી કરેલ છે.

આ યોજના માટે સંસ્થામાં / સંયોજક પાસે ફોર્મ ભરવું જરૂરી રહેશે. ફોર્મની સાથે પુરી ફી ચેક અથવા રોકડા સાથે ૧ ફોટો આપવાનો રહેશે. સફળતાપૂર્વક કોર્સ પુરો કરી સર્ટિફિકેટ મેળવનાર વિદ્યાર્થીને ૫૦ ટકા ફી ચેક થી પાછી આપવામાં આવશે.

વધારે માહિતી માટે સંયોજક અલ્પેશ યોગેન્દ્ર ધારીઆનો સંપર્ક કરવો.

**અલ્પેશ યોગેન્દ્ર ધારીઆ** - ટેન. ૨૩૪૨૧૭૬૫ / ૨૩૪૩૬૮૯૮ / ૯૮૩૩૮૬૭૬૦૧

Bharat Asbestos & Rubber Co., 137 Narayan Dhuru Street, Ground Floor, Mumbai - 400 003

**મંત્રી : ભાવેશ બીપીન મોદી** **સંયોજક : અલ્પેશ યોગેન્દ્ર ધારીઆ**

# કે. એમ. જી. જનરલ હોસ્પિટલ, બાલાસિનોર

કે. એમ. જી. જનરલ હોસ્પિટલમાં નીચે મુજબના કેમ્પ યોજવામાં આવેલ

**(૧) શ્રી નગીનદાસ લાલચંદ પારેખ હાર્ટકેમ્પઃ**

તા. ૨૮-૯-૧૪ને રવિવારના રોજ હાર્ટકેમ્પ યોજવામાં આવેલ. આ કેમ્પમાં કુલ ૮૦ દર્દીઓએ લાભ લીધેલ. ૨૫ ઈ.સી.જી. તથા દશ દિવસની દવાઓ મળીને રૂા. ૫૦૬૮/ની માફી આપવામાં આવેલ. તેમજ ૫૩ દર્દીઓના ઈકો રાહત દરે કરવામાં આવેલ. એન્જીયોગ્રાફી વિગેરેની વધુ સારવાર માટે ૧૫ દર્દીઓને સલાહ આપવામાં આવેલ. આ કેમ્પમાં અમદાવાદના નિષ્ણાંત કાર્ડીયાક સર્જન ડૉ. ભૂપેશ ડી. શાહ તથા ડૉ. અભિષેક પરમાર તથા અમદાવાદના એચ.સી.જી.મલ્ટી સ્પેશ્યાલીસ્ટ હોસ્પિટલના સ્ટાફનો સહકાર મળેલ.

**નોંધઃ** આગામી ડાયાબીટીસ નિદાન કેમ્પઃ તા. ૧૯-૧૦-૧૪ના રોજ રાખવામાં આવેલ છે.

તા. ૧-૪-૧૪ થી તા. ૩૧-૮-૧૪ દરમ્યાન હોસ્પિટલમાં વિવિધ વિભાગોમાં થયેલ પ્રવૃત્તિનો અહેવાલ (આંકડાકીય માહિતી)

| | | |
|---|---|---|
| (૧) | કમળાબેન ઓચ્છવલાલ કચેરીઆ સુતિકા વિભાગ | : ૪૩૫ |
| (૨) | શ્રીમતી શર્મિષ્ઠાબેન અને રજનીકાંત નટવરલાલ કડકીઆ (ચોક્સી) ગાયનેક વિભાગ | : ૬૫૫૦ |
| (૩) | લીલાબેન કીર્તનલાલ દોશી નેત્ર વિભાગ | : ૫૯૬૯ |
| (૪) | બાલાસિનોર નાગરીક સહકારી બેંક ઓર્થોપેડીક વિભાગ | : ૩૨૫૫ |
| (૫) | ઈચ્છાબેન ઓચ્છવલાલ જેઠાલાલ દેસાઈ (દેડકી) મોબાઈલ વિભાગ | : ૭૩૩૯ |

**માનદ્ મંત્રીશ્રીઓઃ શ્રી રાજેન્દ્ર દેસાઈ, શ્રી નીતીન પરીખ**

## આરોગ્ય આપણા હાથમાં

રોજ સવારે વહેલા ઊઠી રાધેશ્યામ ભજવા ભૂલશો નહી
કામ ગમે તે હોય છતાંય, હાજતને રોકશો નહી
દાંત સદાય સાફ જ રાખો, કોગળા કરવા ભૂલશો નહી
આંખે ઠંડુ પાણી છાંટો, કાન કદી ખોતરશો નહી
શરીર આખુ ચોળીને નહાજો, ડીલ લૂછવું ભૂલશો નહી
નખમા મેલ ભરાઈ રહે છે, માટે નખ વધવા દેશો નહી
સાદો ને તાજો ખોરાક લેજો, ચાવીને ખાવુ ભૂલશો નહી
ખૂલી હવામાં ફરવા જજો, ગંદા કપડાં પહેરશો નહી
ચોખ્ખુ ગાળેલુ પાણી પીજો, ઢચક ઢચક કદી પીશો નહી
ગળ્યું અને તળ્યુ ઓછુ ખાજો, ઉપાધિ ઝાઝી કરશો નહી
બેસતા ઉઠતા ચાલતી વેળા, ટટ્ટાર રહેવુ ભૂલશો નહી
બને તેટલા વહેલા સૂજો, જ્યાં ત્યાં રાત્રે ભટકશો નહી
સૂતી વખતે ધ્યાન પ્રભુનુ, ધરવુ કદીય ભૂલશો નહી
આટલું હંમેશા કરશો, કોઈ દિન માંદા પડશો નહી

## પ્રકીર્ણ વિભાગ

### નવા સરનામા

1. Kalpesh Mahendra Gandhi
A-202, Ratna Rajul Co.Op.Hsg, Soc. Ltd
M.G.Road, Patel Nagar, Corner
Kandivali (West), Mumbai - 400067

### તેજસ્વી તારલાં

- **આશના પ્રફુલ ધારીઆ**
સી.એ. ફાઈનલમા ઉત્તીર્ણ થયા છે.
- **શાહ કોમલ રાકેશકુમાર**
B.SC (SEM) VI માં ૮૬.૧૩ સાથે ઉત્તીર્ણ થયા છે.
- **પરીખ નિયતી નિમિષ**
S.S.C. માં 95% સાથે ઉત્તીર્ણ થયા છે.

સંસ્થા તરફથી બધાને હાર્દિક અભિનંદન

### હાર્દિક અભિનંદન

હિન્દુ જીમખાનાની ચુંટણીમાં **શ્રી કીરીટ રમણલાલ ધારીઆ** ખજાનચી પદે ૨૦૧૪-૨૦૧૬ માટે ફરીથી ચુંટાઈને આવ્યા છે. તેમજ શ્રી અલ્પેશ યોગેન્દ્ર ધારીઆ એડીશનલ મેમ્બર પદે બિનહરીફ કારોબારી કમિટીમાં આવ્યા છે. તેઓને સંસ્થા તરફથી હાર્દિક અભિનંદન.

### મૃત્યુ નોંધ

| | **ઉંમર** |
|---|---|
| અતુલ વિનોદચંન્દ્ર શાહ (બરોડાવાલા) | ૫૩ |
| રશ્મીકાંત કાંતિલાલ દોશી | - |
| કિરીટભાઈ મણીલાલ ધારીયા | ૭૨ |
| દીપેન કીરણભાઈ મોદી (પાસપોર્ટવાળા) | ૩૮ |
| બંસીલાલ મણીલાલ ગાંધી | ૮૩ |

**પ્રભુ સદ્‌ગતના આત્માને શાંતિ અર્પે એવી પ્રાર્થના.**

**નેત્રદાન (ચક્ષુદાન) માટે સંપર્ક કરો - ૧૯૧૯**